# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

JJJJ
FOUR STARS
(Accredited by NAAC)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની સપ્ટેમ્બર માસની સામાન્ય સભા સોમવાર, તા.૨૬–૯–૨૦૦૫ ના રોજ સવારના ૧૧–૩૦ કલાકે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ હતી, જેમા સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ | સભ્યશ્રીનુ નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧ | ડો. કમલેશભાઈ પી. જોષીપુરા, કુલપતિશ્રી, | હાજર |
| ૨ | –– ખાલી –– | –– |
| ૩ | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પ્રતિનિધિ – શ્રી એચ. સી. પટેલ | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશનના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૫ | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓના પ્રતિનિધિ – ડો. કે. કે. શાહ | ગેરહાજર |
| ૬ | પ્રિ. ડી. જી. મોદી | હાજર |
| ૭ | પ્રિ. ડો. શ્રીમતી બાનુબેન આર. ધકાણ | હાજર |
| ૮ | શ્રી ડી.કે. શાહ | હાજર |
| ૯ | ડો. એસ. પી. શર્મા | હાજર |
| ૧૦ | ડો.ભાવિનભાઈ એસ. કોઠારી | ગેરહાજર |
| ૧૧ | શ્રી દિનેશભાઈ જે. ચોવટીયા | હાજર |
| ૧૨ | શ્રી નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૩ | ડો. વિજયભાઈ કે. ભટ્ટાસણા | હાજર |
| ૧૪ | શ્રી મહેશભાઈ બી. ચૌહાણ | હાજર |
| ૧૫ | ડો. પી.એલ. ચૌહાણ | હાજર |
| ૧૬ | ડો.ગિરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૭ | પ્રા. શ્રીમતી વર્ષાબેન પી. છીછીયા | હાજર |
| ૧૮ | શ્રી ધનસુખભાઈ સી. ભડેરી | હાજર |
| ૧૯ | ડો. ભરતભાઈ બી. રામાનુજ | હાજર |
| ૨૦ | ડો. વિજયકુમાર એન. દેસાણી | હાજર |

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આજની તા.૨૬–૯–૨૦૦૫ ના સિન્ડિકેટ સવારના ૧૧–૩૦ કલાકે શરૂ થઈ હતી. સભાની શરૂઆતમા તમામ સભ્યશ્રીઓએ નવનિયુકત કુલપતિશ્રી ડો.કમલશભાઈ પી.જોષીપુરાને આવકાર્યા હતા અને અભિનદન આપેલ હતા.**

૧. સિન્ડિકેટની તા. ૨૮–૭–૨૦૦૫ ની સભાની કાર્યવાહીની નોધ મજૂર કરવા બાબત.
**સિન્ડિ**

**આથી ઠરાવવામા આવે છે કે સિન્ડિકેટની તા.૨૮–૭–૨૦૦૫ ની સભાની કાર્યવાહી નોધ નીચે મુજબના સુધારા સાથે મજુર કરવામા આવી અને મા.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

**૧. ઠરાવ ન.૭૬ અનુસાર મજૂર કરવામા આવેલ ઓ.૧૮૩ ના એપેન્ડીકસ – એ ના નિયમ ન.૪૭, ૫૩ અને ૫૪ મા સેક્રેટરી, પર્સનલ સેક્રેટરી અને એડીશ્નલ જોઈન્ટ સેક્રેટરીની જગ્યાએ રજીસ્ટ્રાર ઓફ યુનિવર્સિટી વાચવો અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ તથા જોઈન્ટ સેક્રેટરીને બદલે ડેપ્યુટી રજીસ્ટ્રાર, પ્લાનિગ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસર, એકેડેમિક ઓફિસર, પરીક્ષા નિયામક અને તેને સમકક્ષ પગાર ધોરણ વાળી જગ્યા એમ વાચવુ.**

**આથી વધુમા ઠરાવવામા આવે છે કે સ્થાનિક તપાસ સમિતિ કમિટિના સભ્યો સ્વતત્ર રીતે જાય ત્યારે કાર લઈને ગયેલ હોય તો તેનુ કાર ફેર મજૂર કરવુ.**

૨. સિન્ડિકેટની તા. ૨૮–૭–૨૦૦૫ ની સભામા થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલા પગલાના
**સિન્ડિ** અહેવાલની નોધ લેવા બાબત.

**આથી ઠરાવવામા આવે છે કે સિન્ડિકેટની તા. ૨૮–૭–૨૦૦૫ ની સભામા થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાના અહેવાલની નોધ લીધી.**

**(નોધ :– કાર્યાલયે લીધેલ પગલાનો અહેવાલ આ સાથે પરિશિષ્ટ – ૧ તરીકે સામેલ છે)**

૩. ડો.કે.પી.જોશીપુરા, આસિ.પ્રોફેસર, કાયદા અનુસ્નાતક ભવનની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના
**મહેકમઅ** કુલપતિ પદે નિમણુક થતા તેઓ કુલપતિશ્રી તરીકેનો ચાર્જ જે તારીખથી સભાળે ત્યારથી ત્રણ વર્ષ માટે તેમની કાયદા અનુસ્નાતક ભવનની મૂળજગ્યા આસિ.પ્રોફેસર ઉપરનુ લીયન મજુર કર્યા અગેના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા અગે.

**(નોધ :–** નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ ગાધીનગરના તા.૧–૮–૨૦૦૫ ના પત્ર મુજબ ડો.કે.પી.જોશીપુરા, આસિ.પ્રોફેસર, કાયદા અનુસ્નાતક ભવનની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના કુલપતિશ્રી તરીકે ત્રણ વર્ષ માટે નિમણુક થતા ડો.જોશીપુરાએ તેમના તા.૨–૮–૦૫ ના પત્રથી ઉકત જગ્યા પર હાજર થયા તારીખથી ત્રણ વર્ષ માટે તેમની મૂળ જગ્યા આસિ.પ્રોફેસર કાયદા ભવન પર તેમનુ લીયન રાખવા વિનતી કરેલ જે કુલપતિશ્રીએ સિન્ડિકેટની મજુરીની અપેક્ષાએ મજુર રાખેલ છે.)

**આથી ઠરાવવામા આવે છે કે કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૪. સેક્રેટરીશ્રી, શ્રી યોગી ડીવાઈન સોસાયટી પ્રેરીત શ્રી સર્વોદય કેળવણી સમાજ સચાલિત શ્રી
**જોડાણ** એમ.એન્ડ એન.વિરાણી સાયન્સ અને શ્રી યોગીજી મહારાજ આર્ટસ, કોમર્સ કોલેજ,

રાજકોટ તરફથી કોલેજના વિભાજન કરવા અગે આવેલ અરજી પર સ્થાનિક તપાસ સમિતિ નિમવા અગેની વિચારણા કરવા બાબત.

**(નોધ :–** તા.૨૫–૯–૨૦૦૩ ની સિન્ડિકેટના ઠ.ક્ર.૨૯ થી આ અગાઉ વિભાજનની બાબત માન્ય રાખવામા આવેલ નથી.

**આથી ઠરાવવામા આવે છે કે સેક્રેટરીશ્રી, શ્રી યોગી ડીવાઈન સોસાયટી પ્રેરીત શ્રી સર્વોદય કેળવણી સમાજ સચાલિત શ્રી એમ. એન્ડ એન. વિરાણી સાયન્સ અને શ્રી યોગીજી મહારાજ આર્ટસ, કોમર્સ કોલેજ, રાજકોટના વિભાજનની અરજી પર સ્થાનિક તપાસ સમિતિ નિમવા કુલપતિશ્રીને સત્તા આપવી.**

૫. **જોડાણ** શ્રી ભગવતસિહજી ચેરીટેબલ ટ્રસ્ટ સચાલિત મહર્ષિ શ્રી અરવિંદ બી.એડ.કોલેજ – રાજકોટ તરફથી આવેલ લોકેશન ચેઈન્જની અરજી પર વિચારણા કરી ઓડી.૧૪૪ – સી (IV) મુજબ એલ.આઈ.સી. નીમવા બાબત.

**(નોધ :–** એન.સી.ટી.ઈ.ભોપાલની વર્ષ ૨૦૦૫–૦૬ માટે બી.એડ. કોલેજ શરૂ કરવાની મજુરી મળેલ છે સરકારશ્રીની N.O.C. સૈધ્ધાતિક પુર્વમજુરી મળેલ નથી.

**આથી ઠરાવવામા આવે છે કે શ્રી ભગવતસિહજી ચેરીટેબલ ટ્રસ્ટ સચાલિત મહર્ષિ શ્રી અરવિંદ બી.એડ.કોલેજ, રાજકોટના લોકેશન ચેઈન્જની અરજી પર સ્થાનિક તપાસ સમિતિ નિમવા કુલપતિશ્રીને સત્તા આપવી.**

૬. **મહેકમઅ** વાણીજય અનુસ્નાતક ભવનમા પ્રોફેસર અને હેડ તરીકે ફરજ બજાવતા ડો.એચ.એન.અગ્રવાલે તેમના પ્રોફેસર કોમર્સના હોદ્દા પરથી તા.૯–૮–૦૫ કાર્યાલય સમય બાદ અસરમા આવે તે રીતે આપેલ રાજીનામુ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મજુર કર્યા અગેના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

**(નોધ :–** ડો.એચ.એન.અગ્રવાલે તેમના તા.૯–૮–૦૫ ના પત્રથી પ્રોફેસર, કોમર્સના હોદા પરથી તા.૯–૮–૦૫ કાર્યાલય સમય બાદ અસરમા આવે તે રીતે રાજીનામુ આપેલ હતુ. ડો.એચ.એન.અગ્રવાલે નિયમાનુસાર નોટીસ–પે ની રકમ યુનિવર્સિટી કાર્યાલયમા જમા કરાવતા કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ રાજીનામુ મજુર કરેલ છે.)

**આથી ઠરાવવામા આવે છે કે કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૭. **મહેકમ અ** યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર અને આકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવનમા પ્રોફેસર (CAS) તરિકે ફરજ બજાવતા ડો.રાકેશ શ્રીવાસ્તવનુ તા.૨૭–૧૦–૦૫ ના કાર્યાલય સમય બાદ અમલમા આવે તે રીતે ગણિતશાસ્ત્ર – આકડાશાસ્ત્ર ભવનના પ્રોફેસર (CAS) ના હોદા પરથી રાજીનામુ મજૂર કરવા અગે વિચારણા થવા બાબત.

**(નોધ :–** ગણિતશાસ્ત્ર અને આકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવનમા કેરિઅર એડવાન્સમેન્ટ

સ્કીમ હેઠળ પ્રોફેસર તરિકે ફરજ બજાવતા ડો.રાકેશ શ્રીવાસ્તવની એમ.એસ.યુનિવર્સિટી–વડોદરા ખાતે પ્રોફેસર આકડાશાસ્ત્રની જગ્યા પર નિમણુક થતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર અને આકડાશાસ્ત્ર ભવનની હાલની પ્રોફેસર (CAS) ની મૂળ જગ્યા પરનુ લીયન તા.૧–૧૨–૦૩ થી ૩૦–૧૧–૦૫ સુધીનુ મજૂર કરેલ હતુ ડો.રાકેશ શ્રીવાસ્તવે તેમના તા.૨૮–૭–૦૫ ના પત્રથી તેમની આ યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર અને આકડાશાસ્ત્ર ભવનની પ્રોફેસર (CAS) ની જગ્યા પરથી રાજીનામુ આપેલ છે. ડો.આર.શ્રીવાસ્તવનો તા.૨૮–૭–૦૫ નો પત્ર નોટિસ સ્વરૂપે ગણી તેઓનુ નિયમોનુસાર ત્રણ માસ બાદ તા.૨૭–૧૦–૦૫ કાર્યાલય સમય બાદ રાજીનામુ મજૂર કરવાનુ રહે છે.

**આથી ઠરાવવામા આવે છે કે આકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવનના પ્રો.ડો.શ્રીવાસ્તવનુ તા.૨૭–૧૦–૨૦૦૫ ના કાર્યાલય સમય બાદ અમલમા આવે તે રીતે રાજીનામુ મજૂર કરવુ.**

૮.
**સામાન્ય** સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સને.૨૦૦૪–૨૦૦૫ (૧–૪–૨૦૦૪ થી તા.૩૧–૩–૨૦૦૫) સુધીનો ૩૮ મો વાર્ષિક અહેવાલ માટે કમીટીની નિમણૂક કરવા બાબત.

**(નોધ :–** ૩૭ મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે કમીટીમા નીચે મુજબના સભ્યશ્રીઓ (ગત વર્ષ) હતા.

(૧) કુલપતિશ્રી
(૨) કુલનાયકશ્રી (ખાલી)
(૩) કુલસચિવશ્રી
(૪) ડો.વિજયભાઈ ભટ્ટાસણા
(૫) ડો.નીતિનભાઈ વડગામા
(૬) ડો.મહેશભાઈ જોશી
(૭) ડો.હસાબેન પારેખ
(૮) ડો.પ્રતાપસિહ ચૌહાણ

**આથી ઠરાવવામા આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સને.૨૦૦૪–૨૦૦૫ ના ૩૮ મા વાર્ષિક અહેવાલ માટે નીચે મુજબના સભ્યોની કમિટિની નિમણૂક કરવી.**

**(૧) કુલપતિશ્રી**
**(૨) કુલસચિવશ્રી**
**(૩) ડો.વિજયભાઈ ભટ્ટાસણા**
**(૪) ડો.નીતિનભાઈ વડગામા**
**(૫) ડો.જયદિપસિહ ડોડીયા**
**(૬) ડો.ડી.જે.ભટ્ટ**

## (૭) ડો.પ્રતાપસિહ ચૌહાણ

૯. **મહેકમ અ** યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનો માટે લેકચરર / રીડરની જગ્યાઓ ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ ઓર્ડિનન્સ ૧૯૯ અને યુ.જી.સી. રેગ્યુલેશન મુજબની વરણી સમિતિની તા.૧૫–૧૨–૦૪ અને તા.૧૬–૧૨–૦૪ ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય | નિમણુકની જગ્યાનુ નામ | વરણી સમિતિની તારીખ |
|---|---|---|---|
| ૧. | બાયોસાયન્સ | લેકચરર | ૧૫–૧૨–૦૪ |
| ૨. | –"– | રીડર | –"– |
| ૩. | જર્નાલીઝમ | –"– | –"– |
| ૪. | એકેડેમિક સ્ટાફ કોલેજ | રીડર | ૧૫–૧૨–૦૪ |
| ૫. | એજયુકેશન | લેકચરર | ૧૬–૧૨–૦૪ |
| ૬. | કોમર્સ | –"– | –"– |
| ૭. | ફીલોસોફી | –"– | –"– |

**(નોધ :–** વરણી સમિતિની ભલામણો સભા સમયે રજૂ કરવામા આવશે.

ઉપરોકત જગ્યાઓ પૈકી રીડર ઈન જર્નાલીઝમની જગ્યા માટે વરણી સમિતિમા પેનલ બહારના ત્રણ વિષય નિષ્ણાતોની નિમણુક કર્યાના કુલપતિશ્રીના કાર્યને સિન્ડિકેટની તા.૨૮–૧–૦૫ ની સભામા ઠરાવ ક્રમાક : ૧૬ થી બહાલી માળેલ નથી.

યુનિવર્સિટીમા વિવિધ ભવનોમા ખાલી પડેલ ઉપરોકત જગ્યાઓના ઈન્ટરવ્યુ બીજા હુકમ ન થાય ત્યા સુધી મુલત્વી રાખવા રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગ તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના આદેશો અન્વયે આ અગેનો સઘળો પત્રવ્યવહાર સિન્ડિકેટની તા.૨૮–૧–૦૫ ની સભામા મૂકવામા આવતા ઠરાવ ક્રમાક : ૧૪ થી હવે પછીની સિન્ડિકેટમા વિગતવાર અહેવાલ રજૂ કરવા ઠરાવ થયો હતો તા.૨૧–૩–૦૫ ની સિન્ડિકેટમા ઠરાવ ક્રમાક : ૭ થી આ પત્ર વ્યવહારની નોધ લેવામા આવેલ હતી.

લેકચરર ઈન કેમેસ્ટ્રી તેમજ પ્રોફેસર ઈન ઈકોનોમીકસના ઈન્ટરવ્યુ સરકારશ્રીની સૂચના મુજબ મુલત્વી રાખેલ હતા.

સિન્ડિકેટની તા.૨૬–૫–૦૫ ની સભામા ઉપરોકત બાબત રજુ કરતા ઠરાવ ક્રમાક : ૧૬ થી ઉકત બાબત મુલત્વી રાખવા ઠરાવ થયો હતો.

ઉપસચિવશ્રી શિક્ષણ વિભાગ–ગાધીનગરના તા.૨૦–૭–૦૫ ના પત્ર ક્રમાક : સરય–૧૦૨૦૦૪–એમ–૭૩–ખ થી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટમા ભરતીમા થયેલ ગેરરીતી અગે સુશ્રી સુનયનાબેન તોમરને સોપવામા આવેલ તપાસ અને તે તપાસ અગે તેઓના તપાસ તારણો સભા સમયે રજૂ કરવામા આવશે.

આ તારણોની પૂર્તતા યુનિવર્સિટી દ્વારા તેમના તા.૩૦–૭–૨૦૦૫ ના પત્ર ક્રમાક : મહેકમ/અ–૨/૩૦૭/૦૫ થી ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગને કરવામા આવેલ છે.

ઉકત વિગતો ધ્યાને લઈ વરણી સમિતિની તા.૧૫–૧૨–૦૪ અને તા.૧૬–૧૨–૦૪ ની ભલામણો ઉપર વિચારણા કરવાની રહે છે.

**આથી ઠરાવવામા આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનો માટે લેકચરર / રીડરની જગ્યાઓ ભરવા માટે ઓર્ડિ.૧૯૯ અને યુ.જી.સી. રેગ્યુલેશન મુજબની વરણી સમિતિની તા.૧૫–૧૨–૨૦૦૪ અને તા.૧૬–૧૨–૨૦૦૪ ની ભલામણો નામજૂર કરવી અને ઈન્ટરવ્યુ પ્રક્રિયા રદ કરવી.**

**આથી વધુમા ઠરાવવામા આવે છે કે ઉપરોકત જાહેરાતના અનુસધાને મગાવવામા આવેલ અરજીઓની ફેરથી સ્ક્રૂટીની કરી અને નીયમ મુજબની ભરતીની પ્રક્રિયા કરવી.**

**આથી વધુમા ઠરાવવામા આવે છે કે ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાધીનગરના તા.૨૦–૭–૨૦૦૫ ના પત્ર ક્રમાક : સરય–૧૦૨૦૦૪–એમ–૭૩–ખ ધ્યાને લઈ સબધિત અધિકારી, કર્મચારીની બેદરકારી / નિષ્કાળજી તેમજ જવાબદારી નકકી કરવા અને આ બાબતે સર્વગ્રાહી તપાસ કરવા ત્રણ સભ્યોની કમિટિ નિમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.**

૧૦. **મહેકમ** યુનિવર્સિટીના બિઝનેશ મેનેજમેન્ટ ભવનમા એસોસિએટ પ્રોફેસર (રીડર) તરીકે ફરજ બજાવતા ડો.હિતેશ જે.શુકલની તા.૩–૧૦–૨૦૦૫ થી તા.૨૮–૧–૨૦૦૬ સુધીની
**અ** સ્ટડીલીવ ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ ખાતે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમા જવા માટે મજુર કર્યાના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા અગે.

**(નોધ :–** ડો.એચ.જે.શુકલની સ્ટડી લીવ ઓર્ડિનન્સ ૧૯૯ ની જોગવાઈ મુજબ તેમના તથા ભવનના વિકાસને ધ્યાને લઈ અપવાદરૂપ કિસ્સામા તથા ડો.શુકલને તા.૧૬–૮–૦૫ સુધીમા આ બાબતની જાણ આઈ.આઈ.એમ અમદાવાદને કરવાની હોવાથી સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મજુર કરેલ છે.)

**આથી ઠરાવવામા આવે છે કે કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૧. બાધકામ એસ્ટેટ કમિટિની તા.૧૨–૭–૨૦૦૫ ની મીનીટસ મજૂર કરવા બાબત.

**(નોધ :–** મીનીટસ આ સાથે પરિશિષ્ટ – ૨ તરીકે સામેલ છે.)

(ગત સિન્ડિકેટ સભામા મુલત્વી રહેલ આઈટમ)

**આથી ઠરાવવામા આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૧૨–૭–૨૦૦૫ ની મિટિગમા રજૂ થયેલ બાબતો પૈકી ટેન્ડરોનુ રીનેગોશીએશન કરવુ.**

**આથી વધુમા ઠરાવવામા આવે છે કે આ કમિટિની મિનિટસમા દર્શાવેલ બાબત ન.૧૬ નો રૂા.૮,૭૫,૦૦૦/– નો વધારાનો ખર્ચ નામજૂર કરવો.**

**આથી વધુમા ઠરાવવામા આવે છે કે આ અને આવા અન્ય કામોમા જયા બજેટ એકસેસ થયેલ છે તે અગે વધારાના ખર્ચનુ વ્યાજબીપણુ નકકી કરી નિર્ણય લેવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવી અને ત્યાર પછી જ બાકીના પેમેન્ટ કરવા.**

**આથી વધુમા ઠરાવવામા આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમા તાજેતરમા થયેલા નબળા બાધકામો અગે પણ એક કમિટિ નિમવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવી.**

૧૨. ફાઈનાન્સની સભા તા.૩૦–૬–૨૦૦૫ ની મિનિટસ મજુર કરવા બાબત.
**હિસાબ** (ફાઈનાન્સની મિનિટસ પરિશિષ્ટ – ૩ તરીકે આ સાથે સામેલ રાખેલ છે.)
(ગત સિન્ડિકેટ સભામા મુલત્વી રહેલ આઈટમ)

**આથી ઠરાવવામા આવે છે કે ફાઈનાન્સ કમિટિની તા.૩૦–૬–૨૦૦૫ ની મિનિટસ નીચેના સુધારા સાથે મજૂર કરવી.**

**૧. યુનિવર્સિટીના ભવનના અધ્યક્ષશ્રીઓને એરકન્ડીશનની સુવિધા આપવી. યુનિવર્સિટીના વહીવટી અધિકારીઓને એરકન્ડીશનની સુવિધા આપવાની બાબત હાલ મુલત્વી રાખવી.**

**૨. યુનિવર્સિટી વિકાસ ભડોળનુ બજેટ તેના નિયત હેડ નીચે જ વપરાય તે અગે વધુ ચોકસાઈ રાખવી.**

૧૩. પરીક્ષા વિભાગમા પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી ડી.ડી.પડયાનુ મદદનીશ **મહકમ બ** કુલસચિવની જગ્યામા તા.૨–૧૨–૦૪ થી એક વર્ષ માટે લીયન મજૂર કરવા વિચારણા કરવા બાબત.

**(નોધ :–**

(૧) શ્રી ડી.ડી.પડયા પરીક્ષા નિયામક તરીકે સીધી ભરતીથી પસદ થતા પરીક્ષા નિયામક તરીકે તા.૨–૧૨–૦૪ થી જોડાયા છે.

(૨) શ્રી ડી.ડી.પડયા અત્રેની યુનિવર્સિટીમા મદદનીશ કુલસચિવ તરીકે તા.૪–૧૨–૨૦૦૧ ના રોજ જોડાયા હતા તેઓ મદદનીશ કુલસચિવની જગ્યામા કાયમી કર્મચારી છે.

(૩) સિન્ડિકેટની તા.૨૯–૧–૯૪ ની સભાના ઠરાવ ન.૬૨
" આથી વધુમા ઠરાવવામા આવે છે કે હવે પછી યનિવર્સિટીના શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક કર્મચારીઓને એક વર્ષથી વધારે સમયનુ લીયન મજૂર રાખવુ નહિ."
" આથી વધુમા ઠરાવવામા આવે છે કે કોઈપણ કર્મચારી સમકક્ષ કેટેગરીમા અન્યત્ર જોડાતા હોય તો લીયન મજૂર રાખવુ નહિ."

(૪) તા.૧–૧–૯૦ થી અમલમા રહેલા ભરતી – બઢતીના નિયમોમા નિયમ–૧૯ નીચે મુજબ છે.

૧ કર્મચારી ઉપરની જગ્યામા જયા સુધી કાયમી ન થાય ત્યા સુધી તેમનો લીયન
૯ તેઓ જે સવર્ગમાની જગ્યા ઉપર કાયમ થયેલા હોય તે સવર્ગમા ચાલુ રહેશે અને રિવર્ઝન આપવામા આવે ત્યારે તેઓએ પોતાની મૂળ જગ્યાએ પાછા જવાનુ રહેશે દરેક કર્મચારી પોતે જે સવર્ગમા કાયમી થયા હોય તે સવર્ગમાની ગમે તે એક કાયમી જગ્યા ઉપર સદરહુ જગ્યા ધારણ કરવાનો ધારણા ધિકારી એટલે કે લીયન ધરાવશે અને તેઓ અન્ય સવર્ગમા કાયમી થઈ લીયન

પ્રાપ્ત કરે અથવા નિવૃત્ત થાય અથવા અવસાન થાય અથવા રાજીનામુ આપે અથવા તેમને નોકરીમાથી દુર કરવામા આવે તે સિવાય તેમનો લીયન સમાપ્ત કરી શકશે નહિ. તેમને અન્ય જગ્યા ઉપર ઓફીસીયેટીગ કે પ્રોબેશન ધોરણે મુકવામા આવ્યા હોય તે દરમ્યાન તેમનો લીયન તેમની મૂળ જગ્યા ઉપર ચાલુ રહેશે.)

**આથી ઠરાવવામા આવે છે કે પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી ડી.ડી.પડયાનુ મદદનીશ કુલસચિવની જગ્યાનુ તા.૨–૧૨–૨૦૦૪ થી એક વર્ષ માટેનુ લીયન નામજૂર કરવુ.**

૧૪. **જોડાણ** સૌરાષ્ટ્ર હાઈટેક એજયુકેશન ટ્રસ્ટ સચાલિત ઓમ વિદ્યાવાહિની કોલેજ – મોરબી ને વર્ષ ૦૫–૦૬ માટે નીચે મુજબનુ જોડાણ આપવાનુ શરતચુકથી રહી ગયેલ હોય વિચારણા કરવા બાબત.

| <u>જોડાણની વિગત</u> | <u>જોડાણ વર્ષ</u> |
|---|---|
| મેનેજમેન્ટ વિદ્યાશાખા ::– (નવુ જોડાણ) પ્રથમ વર્ષ બી.બી.એ. ના અભ્યાસક્રમો | જુન– ૦૫ થી ૦૬ |

**આથી ઠરાવવામા આવે છે કે ઉકત વિગતે કોલેજનુ નવુ જોડાણ જૂન–૨૦૦૫ થી ૨૦૦૬ સુધી એક વર્ષ માટે સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલી શરતો અને જોડાણની અન્ય શરતોન પરિપાલન સિન્ડિકેટને સતોષ થાય તે રીતે કરવાની શરતે આપવુ.**

૧૫ **પરીક્ષા ૨** પરીક્ષા સબધિત આયોજન અને તેને આનુસાગિક વહીવટી સુધારણા માટેની સમિતિની તા. ૬–૯–૦૫ ની કાર્યનોધ ઉપર વિચારણા કરવા અગે.

(માનનીય કુલપતિશ્રી ધ્વારા તા. ૨૪–૭–૦૩ ના આદેશથી નિમેલ પરીક્ષા સબધિત આયોજન અને તેને આનુસાગિક વહીવટી સુધારણા માટેની સમિતિની બેઠક તા.૬–૯–૦૫ના રોજ મળેલ . આ સમિતિ ધ્વારા કરવામા આવેલ ભલામણ આ સાથે સામેલ છે. ભલામણ ઉપર વિચારણા કરી મજુર કરવા અગે.)

કાર્ય નોધ પરિશિષ્ટ – " ૪ " તરીકે સામેલ છે.

**આથો ઠરાવવામા આવે છે કે પરીક્ષા સબધિત આયોજન અને તેને આનુષાગિક વહીવટી સુધારણા માટેની સમિતિની તા.૬–૯–૨૦૦૫ ની બેઠકની કાર્યવાહી નોધ મજૂર કરવી.**

૧૬ હિસાબ ફાઈનાન્સ સમિતિની તા. ૧૨–૯–૨૦૦૫ ના રોજ મળેલ સભાની કાર્યવાહી નોધ મજુર કરવા બાબત.

(ફાઈનાન્સ સમિતિની કાર્યવાહી નોધ પરિશિષ્ટ " ૫ " તરીકે આ સાથે સામેલ છે.)

**આથી ઠરાવવામા આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૧૨–૯–૨૦૦૫ ની બેઠકની કાર્યવાહી નોધ મજૂર કરવી.**

૧૭ વિવિધ સમિતિઓના લોકલ સભ્યોને ચુકવવામા આવતા કન્વેયન્સ એલાઉન્સમા વધારો
હિસાબ કરવા વિચારણા કરવા બાબત.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલની તા. ૨૯–૬–૦૫ ના રોજ મળેલ મિટિંગમા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિવિધ કમિટિઓના લોકલ સભ્યોને ચુકવવામા આવતા પ્રવર્તમાન કન્વેયન્સ એલાઉન્સ રૂ. ૫૦/– ના સ્થાને પેટ્રોલ તથા રીક્ષા ભાડાના વધતા જતા ભાવને ધ્યાનમા રાખી રૂ. ૭૫/– કરવા ઓર્ડિનન્સમા સુધારો કરવા ફાઈનાન્સ કમિટિને ભલામણ કરેલ હતી. ફાઈનાન્સ કમિટિએ તા. ૧૨–૯–૨૦૦૫ની સભાના ઠરાવ ક્રમાક –૫ થી આ બાબત સિન્ડિકેટમા મુકવા જણાવેલ છે.

**આથી ઠરાવવામા આવે છે કે વિવિધ સમિતિઓના લોકલ સભ્યશ્રીઓને ચૂકવવામા આવતા કન્વેયન્સ એલાઉન્સમા વધારો કરવા માટે ઓર્ડિનન્સમા ફેરફાર કરવાની બાબત નામજૂર કરવી.**

૧૮. ડાયરેકટરશ્રી જીવન જયોત ટ્રસ્ટ, વાઘેલા . તા. વઢવાણ, જીલ્લો સુરેન્દ્રનગર ના પત્ર ન.
**પી.જી.** ૧૦૮ /૨૦૦૫–૦૬ તા. ૧૨–૯–૨૦૦૫ મા જણાવે છે કે શ્રી જીવન જયોત ટ્રસ્ટ વાઘેલા તા. વઢવાણ જિ. સુરેન્દ્રનગર મુકામે એમ.અ`સ. ડબલ્યુ કોલેજનુ જોડાણ મેળવવા હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સાથે જોડાણ મેળવવાનુ છે. સદર વિસ્તાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા આવતો હોય , યુનિવર્સિટીને કોઈ વાધો નથી તે બાબતનુ એન.ઓ.સી. આપવા વિનતી કરેલ છે તેથી સદરહુ સસ્થાને એન.ઓ.સી. આપવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામા આવે છે કે ડાયરેકટરશ્રી, જીવન જયોત ટ્રસ્ટ, વાઘેલા જી.સુરેન્દ્રનગરનુ એમ.એસ.ડબલ્યુ અભ્યાસક્રમનુ જોડાણ મેળવવા માટે માગવામા આવેલ એન.ઓ.સી. આપવુ નહિ.**

૧૯ જુનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી એચ.સી. જોશી અને શ્રી આઈ. જે.
**મહેકમ બ** લખતરીયાને તા. ૨૬–૮–૦૫ ની અસરથી વિભાગીય અધિકારી તરીકે બઢતી આપવા અનુભવની લાયકાતમા છુટછાટ મુકવા સહાનુભૂતિ પૂર્વક વિચારણા કરવા બાબત.

**(નોધ :–**

૧. યુનિવર્સિટીના બિન શૈક્ષણિક કર્મચારીઓના ભરતી–બઢતીના નિયમો તા.૧–૧–૯૦ થી અમલમા છે . આ નિયમો ઘડવાની સતા સિન્ડિકેટને છે.
૨. હાલના નિયમો મુજબ વિભાગીય અધિકારીની જગ્યા પરની બઢતી માટેના લાયકાતના ધોરણો નીચે મુજબ

સ્નાતક પદવી અને જુનિયર સુપ્રિન્ટેન્ડેન્ટની જગ્યાનો પાચ વર્ષનો અનુભવ

૩. શ્રી જોશી અને શ્રી લખતરીયા જુનિ. સુપ્રિ. ની જગ્યા પર તા. ૫–૭–૨૦૦૧ ના રોજ જોડાયા છે તેથી તા. ૨૫–૮–૦૫ ના રોજ કુલ ચાર વર્ષ એક માસ અને એકવીસ દિવસનો અનુભવ થાય છે. જેથી છુટછાટ મુકવાની થાય છે. આ બન્ને કર્મચારીઓ યુનિવર્સિટીમા કુલ ૩૪ વર્ષથી ફરજ બજાવે છે.

૪. હાલમા વિભાગીય અધિકારીની જગ્યા ખાલી છે તે વિભાગોની કામગીરીની અગત્યતા, વહીવટી સરળતા અને ઝડપી નિકાલ માટે આ જગ્યા ભરવી જરૂરી છે. સરકારશ્રીમા પણ આ પ્રકારના કેઈસોમા યોગ્ય છુટછાટ આપવાની જોગવાઈ છે.

**આથી ઠરાવવામા આવે છે કે આ બાબત આગામી સિન્ડિકેટમા રજૂ કરવી.**

૨૦ **એકેડેમિક** બી.એસ. ડબલ્યુ અને બી.એ. ઈન્ટીરીઅર ડીઝાઈન કોર્સને લાગુ પડતા વિવિધ ધોરણો નકકી કરવા માટે મા.કુલપતિશ્રીએ નિમેલી સમિતિએ તેની તા. ૨–૯–૦૫ની સભામા સિન્ડિકેટની તા. ૨૮–૭–૦૫ સભાના ઠરાવ : ૨૭ (૧) અન્વયે નીચે પ્રમાણે ભલામણ કરેલ છે તેના પર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૨૮–૭–૦૫ ની સભાના ઠરવ ૨૭ (૧) અન્વય આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે બી.એસ. ડબલ્યુ ના અભ્યાસક્રમ માટે ફીનુ ધોરણ સરદાર પટેલ યુનિવર્સિટીના ધોરણ મુજબ રૂા. ૧૨૬૫૦/– નુ રાખવુ.

**આથી ઠરાવવામા આવે છે કે બી.એસ.ડબલ્યુના અભ્યાસક્રમ માટે સત્ર દીઠ રૂા.૩,૫૦૦/– આ વર્ષ પુરતુ મજૂર કરવુ.**

૨૧ **મહેકમ અ** યુનિવર્સિટી કેમ્પસ ખાતે કાર્યરત ભૌતિકશાસ્ત્ર ભવન અને ઈલેકટ્રોનિકસ ભવનનુ એકીકરણ રદ કરી બન્ને ભવનોની અલય કર્યા અગેના મા. કુલપતિશ્રીના કાર્યની નોધ લેવા બાબત. તથા જરૂરી કાર્યવાહી અર્થે

(નોધઃ–અગાઉ મહેકમ વિભાગ ના તા. ૯–૧૨–૦૪ ના પરિપત્રથી ભૌતિકશાસ્ત્ર ભવન અન ઈલેકટ્રોનિકસ ભવનનુ એકીકરણ કરેલ હતુ બાદમા રાજય સરકારશ્રીએ તેમના તા. ૧૪–૨–૨૦૦૫ ના પત્રથી આ બન્ને ભવનો જે અલગ અલગ સ્થિતિમા હતા તે યથાવત રાખવા હુકમ કરેલ હતા. " સુટા " એ તેમના તા.૬–૯–૦૫ના પત્રથી પણ આ બન્ને ભવનો અલગ કરવા રજુઆત કરેલ હતી. જે અન્વયે મા. કુલપતિશ્રીના આદેશો મુજબ બન્ને ભવનો ફરીથી તા.૯–૯–૦૫ થી અલગ કરેલ છે જે ધ્યાને લેવાનુ રહે છે તથા આગળની કાર્યવાહી અર્થે વિચારણા કરવાની રહે છે.)

**આથી ઠરાવવામા આવે છે કે મા.કુલપતિશ્રીના કાર્યની નોધ લેવી અને સેનેટને ભલામણ કરવી.**

૨૨ **જોડાણ** જુન–૨૦૦૬ થી નવા જોડાણ માટે આવેલ જોડાણ અરજીઓ સ્વીકારી તે પર નીડ અને સ્થાનિક તપાસ સમિતિ નિમ્યાના કુલપતિશ્રીના કાર્યની નોધ લેવા બાબત.

**(નોધ :–** જે તે ટ્રસ્ટ / કોલેજ અને તે પર નિમેલ સભ્યશ્રીઓની યાદી આ સાથે પરિશિષ્ટ – ૬ તરીકે સામેલ છે.)

**આથી ઠરાવવામા આવે છે કે જુદી જુદી કોલેજોની આવેલ નવા/ચાલુ/વધારાની જોડાણ અરજી પર નીડ અને સ્થાનિક તપાસ સમિતિ નિમ્યાના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.**

**પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો પરત્વે વિચારણા હાથ ધરવામા આવી હતી.**

૨૩ **પી.જી.** તબીબી વિદ્યાશાખાની તા.૨૫–૯–૨૦૦૫ ના રોજ મળેલી સભાએ પી.જી.મેડીકલ અભ્યાસક્રમોના રૂલ્સ અન રેગ્યુલેશન નકકી કરી બી.યુ.ટી. ની બહાલીની અપેક્ષાએ રજૂ કરેલ નિયમો મજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામા આવે છે કે ઉકત વિગતેના તબીબી વિદ્યાશાખાની તા.૨૫–૯–૨૦૦૫ ના રોજ મળેલી સભાએ પી.જી.મેડિકલ અનુસ્નાતક અભ્યાસક્રમોના રૂલ્સ અને રેગ્યુલેશન નકકી કરી બી.યુ.ટી. ની બહાલીની અપેક્ષાએ રજૂ કરેલ નીયમો મજૂર કરવા.**

**આથી વધુમા ઠરાવવામા આવે છે કે આ અગેના આ પૂર્વેના આનુષગિક નિયમો આથી રદ થાય છે.**

૨૪ બજેટ કમિટિની રચના પર વિચારણા કરવા બાબત.

**હિસાબ** રાજય સરકારશ્રીની ગ્રાન્ટ અગેની નીતિ જુદા જુદા ભવનો તથા વિભાગોની રોજબરોજની જરૂરિયાતો તથા વિકાસની જરૂરિયાતો, સેલ્ફ ફાઈનાન્સ ભવનોની આવક તથા ખર્ચ અને તેના બજેટ હેડ, વિકાસ ફડ, વિદ્યાવિકાસ ફડ તથા પરીક્ષા ફડ તેમજ ધન ભડોળમાથી કરવાના ખર્ચના બજેટ હેડ વગેરે બાબતો ઘ્યાનમા લેતા હાલના બજેટમા કેટલાક સુધારાઓ અનિવાર્ય જણાય છે તે સદર્ભના સિન્ડિકેટની સભા સુચવે તે રીતે એક બજેટ કમિટિની રચના કરવાની બાબત પર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામા આવે છે કે ઉકત વિગતે બજેટ કમિટિની રચના કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવી.**

૨૫ **સિન્ડિકેટ** યુનિવર્સિટી સલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સેનેટના હોદ્દાગત સભ્ય તરીકે પ્રિન્સિપાલોની નિયુકિત અગે સૈધ્ધાતિક નિર્ણય લેવા અગે વિચારણા કરવા બાબત.

**(નોધ :–** સિન્ડિકેટની તા.૧૦–૪–૨૦૦૪ ના રોજ મળેલી સભાના ઠરાવ ન.૧૧ આ સાથે સામેલ છે.)

**આથી ઠરાવવામા આવે છે કે યુનિવર્સિટી સલગ્ન સરકારી કોલેજોમા આચાર્યશ્રી તરીકે નિયુકિત પામેલા અથવા આચાર્યશ્રીનો ચાર્જ સોપવામા આવેલો હોય તેવા પ્રિન્સિપાલોને સેનેટના હોદ્દાગત સભ્યો તરીકે નિયુકિત આપવી.**

**આથી વધુમા ઠરાવવામા આવે છે કે યુનિવર્સિટી સલગ્ન કોલેજોમા આચાર્યશ્રી તરીકેની નિમણૂક થયેલ હોય તેને જ સેનેટ મેમ્બર બનાવવા અને જેઓ તા.૩૧–૧૨–૦૪ પહેલા ઈનચાર્જ તરીકે જેઓ સેનેટ મેમ્બર તરીકે હોય તેઓને ચાલુ રાખવા અગે પુખ્ત વિચારણા કરવી.**

૨૬ **મહેકમ** યુનિવર્સિટીના બીઝનેશ મેનેજમેન્ટ ભવનમા એ.આઈ.સી.ટી.ઈ. ના નોર્મ્સ મુજબની કોમ્પ્યુટર લેબોરેટરી માટે એ.આઈ.સી.ટી.ઈ. ના તા.૧૬–૬–૦૫ ના પત્રમા દર્શાવેલ વિગતે પ્રોગ્રામરની એક જગ્યા મજૂર કરવા અગે વિચારણા કરવા બાબત.

**(નોધ :–**

(૧) એ.આઈ.સી.ટી.ઈ. ની ટીમે તેના રીપોર્ટમા એક ટેકનીકલ સ્ટાફ / પ્રોગ્રામરની નિમણૂક કરવા દર્શાવેલ છે.

(૨) આ રીપોર્ટમા દર્શાવેલ પૂર્તતા ૩૧–૮–૦૫ સુધીમા કરી એ.આઈ.સી.ટી.ઈ. ને જાણ કરવા જણાવેલ છે અન્યથા ૨૦૦૬–૨૦૦૭ વર્ષની એક્સ્ટેન્શન આપવાની મજૂરી ગણતરીમા લેવાશે નહી તેમ જણાવેલ છે.

(૩) આ બાબતે સરકારશ્રીમા યોગ્ય દરખાસ્ત કરી આ જગ્યા માટે મજૂરી મેળવવાની રહે.

**આથી ઠરાવવામા આવે છે કે ઉકત વિગતે બીઝનેશ મેનેજમેન્ટ ભવનમા એ.આઈ.સી.ટી.ઈ. ના નોર્મ્સ મુજબ એક ટેકનીકલ પ્રોગ્રામરની નિમણૂક કરવા માટે જરૂરી મજૂરી મેળવવા સરકારશ્રીમા નિયત સમય મર્યાદામા દરખાસ્ત કરવી.**

૨૭ **જોડાણ** સિન્ડિકેટ સભ્યશ્રી વિજયભાઈ ભટ્ટાસણાના તા.૨૬–૯–૦૫ ના પત્ર દ્વારા તા.૨૬–૫–૦૫ ની સભામા ઠરાવ ન.૧૪ થી સુધારેલ ઓર્ડિનન્સ ૧૮૮ મા ૧૮૮ ની કલમ ૧૩–એ મા (except C.L.) શબ્દો કાઢવા તથા યુ.જી.સી. એ સુચવેલ રજાના નિયમોમા ડયુટીલીવમા કલમ (VII) For attending meeting of union ઉમેરવા બાબત વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામા આવે છે કે ઓર્ડિ.૧૮૮ મા નીચે મુજબના સુધારા કરવા અને તે મુજબ ઓર્ડિ.૧૮૮ વાચવો.**

(૧) **13(A) The teaching staff ........ mattar of right પછી (except C.L.) શબ્દો રદ કરવા.**

(૨) **1.(C) Duty Leave મા ક્રમાક (VI) પછી ક્રમાક (VII) નીચે મુજબના શબ્દો ઉમેરવા.**
**(VII) For attending meeting of union**

**આથી વધુમા ઠરાવવામા આવે છે કે O.188 મા 26(2) પ્રિન્સિપાલમા (d) મા Chairman of the Governing Body સુધારીને Vice-Chancelior એ રીતે સુધારીને વાચવુ.**

૨૮ **જોડાણ** એકેડેમિક કાઉન્સિલની તા.૧૯–૯–૨૦૦૫ ની સભામા જોડાણને લગતા ઠરાવ ન.૨, ૩, ૪, ૫, ૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૯ પર થયેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામા આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા.૧૯–૯–૨૦૦૫ ની સભાની કાર્યવાહી નોધના ઠરાવ નબર ૨, ૩, ૪, ૫, ૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૯ ની ચર્ચા વિચારણા હાથ ધરવામા આવી હતી અને ચર્ચા વિચારણાને અતે નીચે દર્શાવ્યા મુજબના આઈટમ વાઈઝ ઠરાવો કરવામા આવ્યા હતા.**

૨૮(૧) **જોડાણ** આચાર્યશ્રી, શામજીભાઈ હરજીભાઈ તળાવીયા ચેરીટેબલ ટસ્ટ સચાલિત સુચિત ફાર્મસી કોલેજ ગામ ગઢકા (રાજકોટ) તરફથી જૂન–૦૪ થી નીચેની વિગતે નવા જોડાણ માટે આવેલ જોડાણ અરજી તથા તે પરત્વેના નીડ કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત ::–**

તબીબી વિદ્યાશાખા ::– (નવુ જોડાણ)

પ્રથમ વર્ષ ફાર્મસીના અભ્યાસક્રમ

આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે, ઉપર્યુકત કોલેજનુ જોડાણ નામજૂર કરવુ.

**આથી ઠરાવવામા આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉકત વિગતેની ભલામણ સ્વિકારી કોલેજની જોડાણ અરજી નામજૂર કરવી.**

૨૮(૨) **જોડાણ** આચાર્યશ્રી, બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજ ગામ રાજકોટ તરફથી જૂન–૦૫ થી નીચેની વિગતે ચાલુ જોડાણ માટે આવેલ જોડાણ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત ::–**

તબીબી વિદ્યાશાખા ::– (ચાલુ જોડાણ)

બી.ફાર્મના અભ્યાસક્રમ

ડીપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમ

આથી ઠરાવવામા આવે છે કે, આચાર્યશ્રી બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજ – રાજકોટને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલ શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો, નીચે દર્શાવેલ વિગતે સદરહુ કોલેજને ચાલુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૪ થી તા.૧૪–૬–૨૦૦૫ સુધી એક વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**જોડાણની વિગત ::–**

તબીબી વિદ્યાશાખા ::– (ચાલુ જોડાણ)

બી.ફાર્મસીના અભ્યાસક્રમો

ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમો

**આથી ઠરાવવામા આવે છે કે આચાર્યશ્રી, બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજ, રાજકોટને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલી શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો ઉકત વિગતે કોલેજને ચાલુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૪ થી તા.૧૪–૬–૨૦૦૫ સુધી એક વર્ષ માટે આપવા રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

૨૮(૩) **જોડાણ** આચાર્યશ્રી, એમ.બી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગામ ગોડલ તરફથી જૂન–૦૫ થી નીચેની વિગતે ચાલુ જોડાણ માટે આવેલ જોડાણ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત ::–**

વાણિજય વિદ્યાશાખા ::– (ચાલુ જોડાણ)

બી.કોમ. (વૈ.) : કોમ્પ્યુટર સાયન્સ

ડી.સી.એસ. : ડીપ્લોમા કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ

આથી ઠરાવવામા આવે છે કે, આચાર્યશ્રી, એમ.બી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ – ગોડલને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલ શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો, નીચે દર્શાવેલ વિગતે સદરહુ કોલેજને ચાલુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૫ થી તા.૧૪–૬–૨૦૦૬ સુધી એક વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**જોડાણની વિગત ::–**

વાણિજય વિદ્યાશાખા ::– (ચાલુ જોડાણ)

બી.કોમ. (વૈ.) : કોમ્પ્યુટર સાયન્સ

ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો

**આથી ઠરાવવામા આવે છે કે આચાર્યશ્રી, એમ.બી.આર્ટસ અને કોમર્સ કોલેજ, ગોડલને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલી શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો ઉકત વિગતે કોલેજને ચાલુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૫ થી તા.૧૪–૬–૨૦૦૬ સુધી એક વર્ષ માટે આપવા રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

૨૮(૪) **જોડાણ** આચાર્યશ્રી, જુનાગઢ કેળવણી મડળ સચાલિત બી.સી.એ. કોલેજ ગામ જુનાગઢ તરફથી જૂન–૦૫ થી નીચેની વિગતે કાયમી જોડાણ માટે આવેલ જોડાણ અરજી તથા તે પરત્વેના નીડ કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત ::–**
વિજ્ઞાન વિદ્યાશાખા ::– (કાયમી જોડાણ)
બી.સી.એ. પદવીના અભ્યાસક્રમો

આથી ઠરાવવામા આવે છે કે, આચાર્યશ્રી, જૂનાગઢ કેળવણી મડળ સચાલિત બી.સી.એ.કોલેજ – જૂનાગઢને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલ શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો, નીચે દર્શાવેલ વિગતે સદરહુ કોલેજને ચાલુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૫ થી તા.૧૪–૬–૨૦૦૬ સુધી એક વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**જોડાણની વિગત ::–**
વિજ્ઞાન વિદ્યાશાખા ::– (કાયમી જોડાણ)
બી.સી.એ. પદવીના અભ્યાસક્રમો

**આથી ઠરાવવામા આવે છે કે આચાર્યશ્રી, જૂનાગઢ કેળવણી મડળ સચાલિત બી.સી.એ. કોલેજ, જૂનાગઢને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલી શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો ઉકત વિગતે કોલેજને કાયમી જોડાણ નહિ પરતુ ચાલુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૫ થી તા.૧૪–૬–૨૦૦૬ સુધી એક વર્ષ માટે આપવા રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

૨૮(૫) **જોડાણ** શ્રી સરસ્વતી ઈન્ફોટેક એજયુ. ટ્રસ્ટ સચાલિત કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કેશોદને ૨૦૦૩–૨૦૦૪ મા એસ.વાય.બી.એસસી. ત્થા ૨૦૦૪–૨૦૦૫ મા ટી.વાય.બી.એસસી.મા યુનિવર્સિટીએ જે તે વર્ષમા (મુ.) ફીઝીકસ, કેમેસ્ટ્રી, બાયોલોજીનુ જોડાણ આપતો ઠરાવ કરેલ.

સબબ કોલેજની વિનતી પત્ર ત્થા ચલાવેલ અભ્યાસક્રમ મુજબ કોલેજે એસ.વાય.બી.એસસી.માઈક્રોબાયોલોજી ત્થા ટી.વાય.બી.એસસી.માઈક્રોબાયોલોજીના અભ્યાસક્રમ ભણાવવામા આવેલ.

આથી ૨૦૦૩–૦૪ ત્થા ૨૦૦૪–૦૫ એમ બે વર્ષનુ અનુક્રમે એસ.વાય.બી.એસસી. માઈક્રોબાયોલોજી (વધારાનુ જોડાણ) ત્થા ટી.વાય.બી.એસસી. માઈક્રોબાયોલોજી (વધારાનુ જોડાણ) આપવા અગે નોધ લઈ વિચારણા કરવા બાબત.

(જે તે વરસે કોલેજે માઈક્રોબાયોલોજીનુ જોડાણ માગેલ એલ.આઈ.સી.એ પણ તે મુજબ ભલામણ કરેલ)

આથી ઠરાવવામા આવે છે કે, આચાર્યશ્રી, શ્રી સરસ્વતી ઈન્ફોટેક એજયુકેશન ટ્રસ્ટ સચાલિત કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી – કેશોદને જૂન–૦૩–૦૪ તથા જૂન–૦૪–૦૫ના વર્ષ માટે આપેલ જોડાણ રદ ગણવુ અને કોલેજને નીચે મુજબના વર્ષનુ અને વિષયોનુ વધારાનુ જોડાણ જે તે વર્ષમા મુકેલ જોડાણની શરતોનુ પરિપાલન કરવાની શરતોએ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વિજ્ઞાન વિદ્યાશાખા ::– (વધારાનુ જોડાણ) (જૂન–૦૩–૦૪ ના વર્ષ માટે)

દ્વિતિય વર્ષ બી.એસસી. : (મુખ્ય) માઈક્રોબાયોલોજી
(ગૌણ) ફિઝીકસ, કેમેસ્ટ્રી, બાયોલોજી, બાયોકેમેસ્ટ્રી
વિજ્ઞાન વિદ્યાશાખા ::– (વધારાનુ જોડાણ) (જૂન–૦૪–૦૫ ના વર્ષ માટે)
તૃતીય વર્ષ બી.એસસી. (મુખ્ય) : માઈક્રોબાયોલોજી
(ગૌણ) : ફિઝીકસ, કેમેસ્ટ્રી, બાયોલોજી, બાયોકેમેસ્ટ્રી

આથી વધુમા ઠરાવવામા આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૯–૬–૨૦૦૫ ના ઠરાવ ન.૭૦ મા તથા સિન્ડિકેટની તા.૨૮–૭–૨૦૦૫ મા કામકાજ–૫૧ થી કરેલ ઠરાવમા સરતચૂકથી કોલેજ બધ કરવા અગે ઠરાવવામા આવેલ છે તે સુધારીને નીચે મુજબ વાચવા સિન્ડિકેટને ભલામણ કરવી.

શ્રી સરસ્વતી ઈન્ફોટેક એજયુકેશન ટ્રસ્ટ સચાલિત કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી–કેશોદમા વિજ્ઞાન વિદ્યાશાખામા બી.સી.એ. નો અભ્યાસક્રમ ક્રમશ : જૂન–૨૦૦૪ મા બધ થયેલ છે તે તથા જૂન–૨૦૦૪–૦૫ મા વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ આપવામા આવેલ નવુ જોડાણ બાયોકેમેસ્ટ્રી અને બાયોટેકનોલોજીના વિષયો શરૂ નહિ કર્યા અગેની નોધ લેવા બાબત.

**આથી ઠરાવવામા આવે છે કે આચાર્યશ્રી, સરસ્વતી ઈન્ફોટેક એજયુ. ટ્રસ્ટ સચાલિત કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કેશોદને જૂન–૨૦૦૩–૦૪ તથા જૂન–૨૦૦૪–૨૦૦૫ ના વર્ષ માટે આપેલ જોડાણ રદ ગણવુ અને કોલેજને ઉકત વિગતેના વર્ષનુ અને વિષયોનુ વધારાનુ જોડાણ જે તે વર્ષમા મૂકેલ જોડાણની શરતોનુ પરિપાલન કરવાની શરતે આપવા રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

**આથી વધુમા ઠરાવવામા આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા.૨૯–૬–૨૦૦૫ ના ઠરાવ ન.૭૦ તથા સિન્ડિકેટની તા.૨૮–૭–૨૦૦૫ મા કામકાજ ક્રમાક – ૫૧ થી કરેલ ઠરાવમા શરતચૂકથી કોલેજ બધ કરવા અગે ઠરાવવામા આવેલ છે તે નીચે મુજબ સુધારવુ.**

**શ્રી સરસ્વતી ઈન્ફોટેક એજયુ. ટ્રસ્ટ સચાલિત કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કેશોદમા વિજ્ઞાન વિદ્યાશાખામા બી.સી.એ. નો અભ્યાસક્રમ ક્રમશ : જૂન–૨૦૦૪ મા બધ થયેલ છે તથા જૂન ૨૦૦૪–૦૫ મા વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ આપવામા આવેલ નવુ જોડાણ બાયોકેમેસ્ટ્રી અને બાયોટેકનોલોજીના વિષયો શરૂ નહિ કર્યા અગેની નોધ લેવી.**

૨૮(૬) **જોડાણ** આચાર્યશ્રી બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજ ગામ રાજકોટ તરફથી જૂન–૦૫ થી નાચેની વિગતે ચાલુ જોડાણ માટે આવેલ જોડાણ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત ::–**

તબીબી વિદ્યાશાખા ::– (ચાલુ જોડાણ)
ડીગ્રી ફાર્મસીના અભ્યાસક્રમો
ડીપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમો

આથી ઠરાવવામા આવે છે કે, આચાર્યશ્રી, બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજ –

રાજકોટને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલ શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો, નીચે દર્શાવેલ વિગતે સદરહુ કોલેજને ચાલુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૫ થી તા.૧૪–૬–૨૦૦૬ સુધી એક વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**જોડાણની વિગત ::–**
તબીબી વિદ્યાશાખા ::– (ચાલુ જોડાણ)
બી. ફાર્મસીના અભ્યાસક્રમો
ડીપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમો

**આથી ઠરાવવામા આવે છે કે આચાર્યશ્રી, બી.કે.મોદી, સરકારી ફાર્મસી કોલેજ, રાજકોટને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલી શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો ઉકત વિગતે કોલેજને ચાલુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૫ થી તા.૧૪–૬–૨૦૦૬ સુધી એક વર્ષ માટે આપવા રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

૨૮(૭) **જોડાણ** આચાર્યશ્રી બાઢડા કેળવણી મડળ સચાલિત સુચિત ફાર્મસી કોલેજ, ગામ બાઢડા તરફથી જૂન–૦૫ થી નીચેની વિગતે નવા જોડાણ માટે આવેલ જોડાણ અરજી તથા તે પરત્વેના નીડ કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત ::–**
તબીબી વિદ્યાશાખા ::– (નવુ જોડાણ)
પ્રથમ વર્ષ ફાર્મસીના અભ્યાસક્રમો

આથી ઠરાવવામા આવે છે કે, બાઢડા કેળવણી મડળ સચાલિત સૂચિત ફાર્મસી કોલેજ – બાઢડાને જૂન–૦૬–૦૭ થી કોલેજ શરૂ કરવા ઈચ્છતા હોય તો નિયમાનુસાર જોડાણ ફી સાથે અરજી કરવા તાકીદ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**આથી ઠરાવવામા આવે છે કે બાઢડા કેળવણી મડળ દ્વારા સૂચિત ફાર્મસી કોલેજ, બાઢડાને જૂન ૨૦૦૬–૨૦૦૭ થી કોલેજ શરૂ કરવા ઈચ્છતા હોય તો નિયમ અનુસાર જોડાણ ફી સાથે અરજી કરવા માટે તાકીદ કરવી.**

૨૮(૮) **જોડાણ** આચાર્યશ્રી, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગામ એહમદપુર માડવી તરફથી જૂન–૦૫ થી નીચેની વિગતે નવા જોડાણ માટે આવેલ જોડાણ અરજી તથા તે પરત્વેના નીડ કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત ::–**
વિજ્ઞાન વિદ્યાશાખા ::– (નવુ જોડાણ)
પી.જી.ડી.સી.એ. ના અભ્યાસક્રમ
આથી ઠરાવવામા આવે છે કે આચાર્યશ્રી, આર્ટસ અને કોમર્સ કોલેજ–અહમદપુર, માડવીને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલ શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો, નીચે

દર્શાવેલ વિગતે સદરહુ કોલેજને નવુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૫ થી તા.૧૪–૬–૨૦૦૬ સુધી એક વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**જોડાણની વિગત ::–**

વિજ્ઞાન વિદ્યાશાખા ::– (નવુ જોડાણ)

પી.જી.ડી.સી.એ. ના અભ્યાસક્રમ

**આથી ઠરાવવામા આવે છે કે આચાર્યશ્રી, આર્ટસ અને કોમર્સ કોલેજ, અહમદપુર (માડવી) ને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલી શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો ઉકત વિગતે કોલેજને નવુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૫ થી તા.૧૪–૬–૨૦૦૬ સુધી એક વર્ષ માટે આપવા રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

૨૮(૯) **જોડાણ** આચાર્યશ્રી, સૌરાષ્ટ્ર હાઈટેક એજયુકેશન ટ્રસ્ટ સચાલિત ઓમ વિદ્યાવાહિની કોલેજ, ગામ મોરબી તરફથી જૂન–૦૫ થી નીચેની વિગતે નવા જોડાણ માટે આવેલ જોડાણ અરજી તથા તે પરત્વેના નીડ કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત ::–**

પ્રથમ વર્ષ બી.બી.એ. ના અભ્યાસક્રમો

આથી ઠરાવવામા આવે છે કે, આચાર્યશ્રી, ઓમ વિદ્યાવાહીની કોલેજ – મોરબીને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલ શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો, નીચે દર્શાવેલ વિગતે સદરહુ કોલેજને નવુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૫ થી તા.૧૪–૬–૨૦૦૬ સુધી એક વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**જોડાણની વિગત ::–**

મેનેજમેન્ટ વિદ્યાશાખા ::– (નવુ જોડાણ)

પ્રથમ વર્ષ બી.બી.એ. ના અભ્યાસક્રમો

**આથી ઠરાવવામા આવે છે કે આચાર્યશ્રી, ઓમ વિદ્યાવાહિની કોલેજ, મોરબી ને સિન્ડિકેટને સતોષ થાય તે રીતે યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતોનુ તથા સ્થાનિક તપાસ સમિતિએ મૂકેલી શરતોનુ પરિપાલન તા.૩૧–૧૦–૨૦૦૫ સુધીમા કરે તો ઉકત વિગતે કોલેજને નવુ જોડાણ તા.૧૫–૬–૨૦૦૫ થી તા.૧૪–૬–૨૦૦૬ સુધી એક વર્ષ માટે આપવા રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

૨૯ **અનુસ્નાતક** બી.યુ.ટી.ની તા.૨૦–૯–૨૦૦૫ ની સભાના ઠરાવ ક્રમાક.૨, ૩, ૪, ૫, ૬, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩ અને ૩૫ થી થયેલ ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામા આવે છે કે બી.યુ.ટી.ની તા.૨૦–૯–૨૦૦૫ ની સભાના ઠરાવ ક્રમાક.૨, ૩, ૪, ૫, ૬, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩ અને ૩૫ ની ચર્ચા વિચારણા હાથ ધરવામા આવી હતી અને ચર્ચા વિચારણાને અતે નીચે દર્શાવ્યા મુજબના આઈટમ વાઈઝ ઠરાવો કરવામા આવ્યા હતા.**

૨૯(૧) **અનુસ્નાતક** વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા દહેરાદુન ખાતે તા.૧૦–૫–૦૫ ના રોજ મળેલ રિસર્ચ ડીગ્રી કમિટિની ભલામણ અનુસાર નીચે મુજબના ફેકલ્ટી મેમ્બર્સની પીએચ.ડી. ગાઈડશીપને તથા આર.ડી.સી. ના રિપોર્ટને ઓ.પીએચ.ડી.–૪ અનુસાર ફાઈનલ એપ્રુવલ આપવા અગે વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **નામ** | **મજુર રાખવાની થતી પી.જી.ટીચર તરીકેની માન્યતાની રીટ્રોસ્પેકટીવ ડેઈટ** |
|---|---|---|
| 🗀 | ડો.એસ.એ.હુસૈન | (માન્ય પી.જી.ટીચર ૨૦૦૧ થી છે) |
| 🗎✍ | ડો.વી.બી.માથુર (પ્રોફેસર) | ૨૬–૧૧–૧૯૮૬ (જોડાયા તારીખથી) |
| 🗏✍ | ડો.વી.પી.ઉનીયાણ (સિ.લેકચરર) | ૧૯–૧૧–૧૯૯૯ (–"–) |
| 🗐✍ | ડો.બીવેશ પાડવ (લેકચરર) | ૧૯–૧૧–૧૯૯૯ (–"–) |
| 🗄✍ | ડો.કે.સીવાકુમાર (લેકચરર) | ૫–૧–૨૦૦૦ (–"–) |
| ⌛✍ | ડો.બી.એસ.અધિકારી (લેકચરર) | ૨૨–૧૧–૧૯૯૯ (–"–) |

**(નોધ :–** મા.કુલપતિશ્રીની આજ્ઞાઅનુસાર

**(૧)** આ કાર્યાલયના તા.૧૯–૭–૦૫ ના પત્રાક : પીજી/૫૩૫/૦૫ થી આર.ડી.સી. મીટીગની મીનીટસને એપ્રુવલ અપાયેલ છે.

**(૨)** ક્રમ ૨ થી ૬ ની ગાઈડશીપની ભલામણ તેમની જોડાયા તારીખથી પી.જી.ટીચર તરીકેની માન્યતાની યુનિવર્સિટીની મજૂરીની અપેક્ષાએ કરવમા આવેલ છે.

**(૩)** ક્રમ ૧ થી ૬ ની પીએચ.ડી. ગાઈડ તરીકેની માન્યતાની દરખાસ્તની ફાઈલ વિષય નિષ્ણાતની ભલામણ મેળવીને આર.ડી.સી. મા વિચારણામા લેવાયેલ છે.

**(૪)** વાઈલ્ડ લાઈફ સાયન્સની તા.૧૦–૫–૨૦૦૫ ન.ડી ડબલ્યુ આઈ આઈ /૦૧૩૭/ ૨૦૦૫ મીટીગની મીનીટસ આ સાથે પરિશિષ્ટ – ૧ તરીકે સામેલ છે.

**(૫)** ક્રમ ૧ થી ૬ ની દરખાસ્ત ફાઈલ આ કાર્યાલયમા રજૂ થયેલ છે.

**(૬)** સુધારેલ ઓ.૭૩ મા એમ.બી.એ. / એમ.સી.એ. પદવી માટે અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે લેકચરર તરીકેનો પાચ વર્ષનો અનુભવ જે તે વિષયનો લેકચરર તરીકેનો અનુભવ જરૂરી છે. (બી.યુ.ટી. ૨–૧૨–૦૩ ઠરાવ ન.૧૬)

બી.યુ.ટી.તા.૨૦–૯–૨૦૦૫, ઠરાવ ક્રમાક : ૨

આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે, વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા દહેરાદુન ખાતે તા.૧૦–૫–૦૫ ના રોજ મળેલ રિસર્ચ ડીગ્રી કમિટીની ભલામણ અનુસાર નીચે મુજબના ફેકલ્ટી મેમ્બર્સની પીએચ.ડી. ગાઈડશીપને તથા આર.ડી.સી. ના રિપોર્ટને ઓ.પીએચ.ડી.–૪ અનુસાર મજુરી આપવી.

| ક્રમ | નામ | મજુર રાખવાની થતી પી.જી.ટીચર તરીકેની માન્યતાની રીટ્રોસ્પેકટીવ ડેઈટ |
|---|---|---|
| [illegible] | ડો.એસ.એ.હુસૈન | (માન્ય પી.જી.ટીચર ૨૦૦૧ થી છે) |
| [illegible] | ડો.વી.બી.માથુર (પ્રોફેસર) | ૨૬–૧૧–૧૯૮૬ (જોડાયા તારીખથી) |
| [illegible] | ડો.વી.પી.ઉનીયાણ (સિ.લેકચરર) | ૧૯–૧૧–૧૯૯૯ (–"–) |
| [illegible] | ડો.બીવેશ પાડવ (લેકચરર) | ૧૯–૧૧–૧૯૯૯ (–"–) |
| [illegible] | ડો.કે.સીવાકુમાર (લેકચરર) | ૫–૧–૨૦૦૦ (–"–) |
| [illegible] | ડો.બી.એસ.અધિકારી (લેકચરર) | ૨૨–૧૧–૧૯૯૯ (–"–) |

આથી વધુમા ભલામણ કરવામા આવે છે કે એમબીએ / એમસીએ ના અભ્યાસક્રમમા અનુસ્નાતક પદવી માટે અનુસ્નાતક શિક્ષક તરીકે પાચ વર્ષનો અનુભવ જે તે વિષયના લેકચરર તરીકે જરૂરી છે તે બાબતનો બી.યુ.ટી. ની તા.૨–૧૨–૦૩ ની સભાનો ઠરાવ ન.૧૬ અને તે અન્વયે થયેલ પરિપત્ર રદ કરવો તેમજ વૈદ્યાનીક સસ્થાઓની મજુરીથી ચાલતા પી.જી.સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમા નિયમાનુસારની નિમણુક અપાયેલ હોય અને યુનિવર્સિટીની પૂર્વ મજુરી મેળવલ હોય તેવા શિક્ષકોની દરખાસ્ત મળ્યે સસ્થા મારફત જોડાયા તારીખથી પી.જી.ટીચર તરીકેની શૈક્ષણિક માન્યતા આપવી અને તે મુજબ અનુભવ ગણવો.

**આથી ઠરાવવામા આવે છે કે બી.યુ.ટી.ની તા.૨૦–૯–૨૦૦૫ ની સભાના ઠરાવ ક્રમાક – ૨ મુજબની ભલામણ મજૂર કરવી.**

૨૯(૨) **અનુસ્નાતક** આચાર્યશ્રી બહાઉદીન સાયન્સ કોલેજ જુનાગઢના તા.૯–૪–૨૦૦૫ ના પત્રની ભલામણ સાથે અત્રે રજૂ થયેલ ડો.આર.પી.ભટ્ટને પીએચ.ડી. ગાઈડશીપ ખાસ કિસ્સા તરીકે ઓર્ડિ.–૭૫ (રેકોગ નાઈઝડ એમીનન્સ) અનુસાર આપવા અગે વિચારણા કરવા બાબત.

**(નોધ :– (૧)** ઓદ્યોગીક ક્ષેત્રે રિસર્ચ અગે ગુજરાત સરકારશ્રીએ ૨૦૦૦–૨૦૦૧ મા "ડો.વિક્રમ સારાભાઈ એવોર્ડ ફોર યગ સાયન્ટીસ્ટ" અર્પણ કરેલ છે.

**(૨)** પી.જી.ટીચીગનો ચાર વર્ષનો અનુભવ નથી.

**(૩)** સશોધન કાર્ય "નોન કોન્ટેક – ટાઈપ સેન્ટ્રીફયુગલ સ્વીચ" ને ભારત સરકારની પેટન્ટ મળેલ છે (પેટન્ટ ન.૧૮૩૦૪૭)

**(૪)** પીએચ.ડી. ફિઝિકસ ની પદવી ધરાવે છે.

**(૫)** એમ.એસસી. ફિઝિકસ (ઈલેકટ્રોનીકસ) પ્રથમ વર્ગ સાથે પસાર કરેલ છે.

**(૬)** યુ.જી.સી. ટીચર ફેલોશીપ મેળવેલ.

**(૭)** ડીગ્રી કલાસનો બાર (૧૨) વર્ષનો અનુભવ છે.

**(૮)** પી.જી.ટીચરની માન્યતા ધરાવે છે.)

બી.યુ.ટી.તા.૨૦–૯–૨૦૦૫ ઠરાવ ક્રમાક : ૩

આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે, ડો.આર.પી.ભટ્ટ ને પીએચ.ડી. ગાઈડશીપ ખાસ કિસ્સા તરીકે ઓર્ડિ.–૭૫ (રેકોગ નાઈઝડ એમીનન્સ) અનુસાર આપવો નહી.

**આથી ઠરાવવામા આવે છે કે બી.યુ.ટી.ની તા.૨૦–૯–૨૦૦૫ ની સભાના ઠરાવ ક્રમાક – ૩ મુજબની ભલામણ મજૂર કરવી.**

૨૯(૩) **અનુસ્નાતક** પ્રિન્સિપાલ ડો.સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજ, એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્ર જુનાગઢના તા.૨૦–૭–૨૦૦૫ ના પત્રાક : ડીએસએમસી/૨૦૭/૨૦૦૫ થી સલગ્ન કોલેજોમા ચાલતા એમ.કોમ. પી.જી.સેન્ટરોના સચાલન અગે ફીના ધોરણ અને મફત કન્યા કેળવણીની સરકારી નિતીનો લાભ સલગ્ન કોલેજોમા ચાલતા દરેક પી.જી.સેન્ટરને મળે તેવી વ્યવસ્થા સરકારશ્રીમા રજુઆત કરીને અમલમા મુકાય તે અગે વિચારણા કરવા બાબત.

**(નોધ :– (૧)** હાલ એમ.એ. ના અનુ.કેન્દ્રોમા કોઈ એક પાર્ટમા પાચ પેપર ભણાવાના છે ત્યારે એમ.કોમ.ના કોઈ એક પાર્ટમા ૬ પેપર ભણાવાના છે જયારે એમ.એ. / એમ.કોમ. ની ફી સરખી છે.

એમ.કોમ. અનુ.કેન્દ્ર માટે ખાસ વધારાના પેપર માટે ૧૨૫ રૂા. × ૬૦ = ૭૫૦૦ રૂપિયાનો વધારાનો આર્થિક બોજો પડે છે.

જેથી કાતો એક પેપર રદ થવુ જોઈએ અથવા એમ.કોમ. ની ફી સત્ર દીઠ એમ.એ. કરતા રૂા.૭૫/– કે રૂા.૧૦૦/– વધારે લેવાની છુટ આપવી જોઈએ.

**(૨)** મફત કન્યા કેળવણીની સરકારી નિતીનો લાભ સલગ્ન કોલેજોમા ચાલતા અનુસ્નાતક કેન્દ્રોને મળે તે માટે પ્રવેશ લીધેલ કન્યાઓની ફી ની માગણી યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીમાથી બ્લોક ગ્રાટ મેળવતી વખતે સરકારશ્રીમા કરવી જોઈએ અને આ રકમ આવ્યેથી જે તે અનુસ્નાતક કેન્દ્રોને ચુકવવી જોઈએ અથવા પ્રવેશ લીધેલ કન્યાઓની ફીની રકમ જે તે અનુસ્નાતક કેન્દ્રને સરકારશ્રી સીધી ચુકવણી કરે તેવી સરકારશ્રીમા રજુઆત કરી યુનિવર્સિટીએ પ્રયાસ કરવા જરૂરી છે.

**(૩)** મેરીટ પ્રમાણે પ્રવેશ આપવાનો હોવાથી કન્યાઓની સખ્યા ઘણી વધારે થાય છે અને અનુ.કેન્દ્રોને આર્થિક નુકશાન સહન કરવુ પડે છે.

**(૪)** ખાદ્ય અગે :– નવા અનુ.કેન્દ્રોને ખાદ્ય પડે તે ભોગવવાની શરતે મજુરી અપાય છે જુનાની ખાદ્ય પણ યુનિવર્સિટી ભોગવતી નથી જો સરપ્લસ હોય તો વ્યાજ સહિત યુનિવર્સિટીમા જમા કરાવવાનુ રહે છે

ખાદ્યની જવાબદારી યુનિવર્સિટી સ્વીકારતી નથી તો જો સરપ્લસ હોય તો જે તે કેન્દ્રને મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**(૫)** ફી વધારવા અગે :– કન્વેયન્સ એલાઉન્સ રૂા.૫૦/– ના બદલે રૂા.૧૨૫/– સુધારેલ છે જેથી તેમા મોટી રકમ ચુકવવાની થાય છે જેથી તે ધ્યાનમા લઈ ફી પણ હાલ છે તેનાથી બમણી કરવી જોઈએ.

બી.યુ.ટી.તા.૨૦–૯–૨૦૦૫ ઠરાવ ક્રમાક : ૪

આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે, પિન્સીપાલશ્રી ડો.સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજ, એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્ર જુનાગઢના તા.૨૦–૭–૨૦૦૫ ના પત્રથી સલગ્ન કોલેજોમા ચાલતા એમ.કોમ. પી.જી.સેન્ટરોના

સચાલન અગે ફી ના ધોરણ અને મફત કન્યા કેળવણીની સરકાર નીતીનો લાભ સલગ્ન કોલેજોમા ચાલતા દરેક પી.જી.સેન્ટરોને મળે તેવી વ્યવસ્થા સરકારશ્રીમા રજૂઆત કરીને અમલમા મુકાય તે અન્વયે કરેલ રજુઆત અને સુચનો સ્વીકારવા નહી.

**આથી ઠરાવવામા આવે છે કે બી.યુ.ટી.ની તા.૨૦–૯–૨૦૦૫ ની સભાના ઠરાવ ક્રમાક – ૪ મુજબની ભલામણ મજૂર કરવી.**

૨૯(૪) **અનુસ્નાતક** પ્રિન્સીપાલ શ્રીમતી સદગુણા સી.યુ.શાહ હોમસાયન્સ અને સી.યુ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ મહિલા કોલેજ વઢવાણસીટીના તા.૨૮–૭–૨૦૦૫ ના પત્રાક : ૨૯૪ / ૨૦૦૫–૨૦૦૬ થી એમએસસી જનરલ હોમસાયન્સના અનુસ્નાતક કેન્દ્રમા ઉત્તરોતર દર વર્ષે આવક કરતા ખર્ચનો વધારો થતો જાતો હોય તેમજ કન્વેયન્સ એલાઉન્સની રકમમા પણ વધારો થયેલ હોય ખર્ચને પહોચી વળવા માટે વિદ્યાર્થીનીઓ પાસેથી સત્ર દીઠ રૂા.૨૦૦/– (બસો) વહીવટી ખર્ચ પેટે વસુલ કરવા મજૂરી આપવા વિનતિ કરેલ હોઈ તે અગે વિચારણા કરવા બાબત.

બી.યુ.ટી.તા.૨૦–૯–૨૦૦૫ ઠરાવ ક્રમાક : ૫

